# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-02-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારુ** વાંચે છે.

---

## PGVCL તંત્ર દ્વારા કાર્યવાહી :

નાણાકીય વર્ષના અંતેબાકી વીજ લેણાંની વસૂલાત માટે PGVCL તંત્ર દ્વારા કચ્છમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભુજ વર્તુળ કચેરી હેઠળના રૂપિયા 68.65 કરોડ અને અંજાર વર્તુળ કચેરી હેઠળના રૂપિયા 37 કરોડ વસૂલવા માટે આગામી 25 ફેબ્રુઆરીના રોજ મેગા ડિસકનેક્શન ડ્રાઈવ યોજાશે. આ ઝુંબેશ અંતર્ગત ભુજની 20 પેટા વિભાગીય કચેરીઓ અને અંજારની 13 કચેરીઓ હેઠળ 120 થી વધુ ટીમો દ્વારા વાણિજ્યિક, ઔદ્યોગિક અને રહેણાંક જોડાણો કાપવાની કામગીરી કરવામાં આવશે.

તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ કાર્યવાહી દરમિયાન સ્થળ પર કોઈ નાણાં સ્વીકારાશે નહીં. એકવાર વીજ પુરવઠો કપાયા બાદ ગ્રાહકે કચેરીએ જઈને 100% રકમ, રિ-કનેક્શન ચાર્જ અને ઇ-કેવાયસી ડોક્યુમેન્ટ્સ રજૂ કરવા પડશે. વીજ કપાતથી બચવા માટે ગ્રાહકોને તાત્કાલિક ઓનલાઇન માધ્યમો અથવા સ્થાનિક કચેરીએ બાકી બિલની ચુકવણી કરવા અપીલ કરવામાં આવી છે.

**------------------------------------------------------------------------------------------**

## અંજારમાં બજેટ અંગે પત્રકાર પરિષદ :

અંજાર ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ પત્રકાર પરિષદ સંબોધી વર્ષ 2026-27ના બજેટમાં કચ્છ માટેની મહત્વકાંક્ષી જોગવાઈઓ જાહેર કરી હતી. શિક્ષણ ક્ષેત્રે અંજાર અને ગઢશીશામાં નવી સરકારી કોલેજો, સિનોગ્રામાં 55 એકર પરકૃષિ કોલેજ અને અંજારમાં વિજ્ઞાન

પ્રવાહ સહિત પોલિટેકનિકના નિર્માણની જાહેરાત કરાઈ છે. વિકાસ કામોની વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, ₹111 કરોડના ખર્ચે નાગલપર-સાપેડા બાયપાસ, ₹43 કરોડનો આઇકોનિક રોડ, ₹25 કરોડની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને ₹19 કરોડના ખર્ચેગોવર્ધન પર્વતનો વિકાસ કરવામાં આવશે. આ ઉપરાંત, અંજારમાં નવી DILR અને માહિતી કચેરી પણ શરૂ કરાશે. આ આયોજનથી પૂર્વ કચ્છમાં શિક્ષણ, રોજગારી અને માળખાગત સુવિધાઓમાં મોટો પરિવર્તન આવશે.

---------------------------------------------------------------------------------

## સાપોના ઝેરનું એન્ટીવેનમ :

જિલ્લાના ભૌગોલિક વિસ્તાર અને અહીંની આબોહવાને કારણે ઝેરી સાપોનું પ્રમાણ વધારે છે. જેને પરિણામે ખેડૂતો અને માલધારીઓમાં સર્પદંશનો ભય હંમેશા રહેતો હોય છે ત્યારે આ ગંભીર સમસ્યા નેહલ કરવામાં વલસાડના ધરમપુર ખાતે તૈયાર થનારું નવું એન્ટિવેનમ ઉપયોગી પુરવાર થશે. અત્યાર સુધી અન્ય રાજ્યોમાંથી આવતા એન્ટિવેનમનો ઉપયોગ કરાતો હતો પરંતુ હવે ગુજરાતઅને ખાસ કરીને કચ્છના પથરાળ અને રણ વિસતારમાં જોવા મળતા સાપના ઝેરનો ઉપયોગ કરીને એન્ટિવેનમ તૈયાર કરાશે જે આગામી સર્પદંશના દર્દીઓ માટે જીવનરક્ષક સાબિત થશે. રાજ્યસરકાર દ્વારા માત્ર દવા નહીં પરંતુ જાગૃતિ પર પણ ભાર મુકાયો છે જેના ભાગરૂપે કચ્છસહિત 23 જિલ્લાના અંદાજે 1 હજાર 495 જેટલા ડોકટરો અને મેડિકલ ઓફિસરોને તાલિમબદ્ધ કરાયા છે જેથી ઝેરી સાપ કરડવાના કિસ્સામાં સ્થાનિક સ્તરે જ ત્વરિત અને યોગ્ય સારવાર મળી રહેશે.

---------------------------------------------------------------------------------

## પૂર્વ કચ્છમાં પોલીસ બદલી :

પૂર્વ કચ્છ પોલીસ બેડામાં પોલીસ ઇન્સ્પેકટરની એકસામટી બદલીના આદેશોને પગલે હલચલ જોવા મળી રહી છે.પોલીસ અધિક્ષક સાગર બાગમાર દ્વારા બદલીના મોટા આદેશ અંતર્ગત એક સાથે 15 જેટલા પીઆઇની સામુહિક બદલીના હુકમો કરાયા છે.

---

## અંજારમાં યોગ તાલીમ :

ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં માર્ગદર્શન હેઠળ આર્ટ ઓફ લાવિંગ સેન્ટર દ્વારા આયોજિત એક દિવસીય તાલીમ યોજાઇ હતી. આ દરમ્યાન સવારથી સાંજ સુધી યોગ, ધ્યાનની તાલીમમાં અનુભવ વિનિમય તથા માર્ગદર્શન દ્વારા ભાગ લેનારા તમામ તાલીમાર્થીઓને નવી ઊર્જા, સકારાત્મક દૃષ્ટિકોણ અને કાર્ય માટે નવી દિશા આપવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

---

## અંજારમાં આયોજન સમિતિની બેઠક :

અંજાર તાલુકા પંચાયત ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને આયોજન સમિતિની બેઠક યોજાઈ હતી. તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબા જાડેજાની ઉપસ્થિતિમાં વર્ષ 2026-27 માટે જનરલ, અંગભૂત અને બક્ષીપંચ ગ્રાન્ટ હેઠળ સી.સી. રોડ તથા પેવરબ્લોક જેવા ₹130.65 લાખના કામો મંજૂર કરાયા હતા.

---

## ભચાઉ સંશોધન કેન્દ્રમાં તાલીમ :

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી સંચાલિત ભચાઉ સંશોધન કેન્દ્ર અને રૂરલ બિઝનેસઇન્ક્યુબેશન સેન્ટર દ્વારા “ગ્રામીણ કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતા અનેસ્ટાર્ટ-અપ” વિષય પર ઇન્ડક્શન તાલીમ યોજાઈ હતી. જેમાં ડો. આર. એમ. જાડેજાએ કેન્દ્રની પ્રવૃત્તિઓ અને CEO યશ પઢિયારે આધુનિક સ્ટાર્ટ-અપ દ્વારા ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન લાવવા માર્ગદર્શન આપ્યું હતું.વિદ્યાર્થીઓને વિદ્યાર્થી સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન નીતિ હેઠળ મળતી આર્થિક સહાય અને સરકારી યોજનાઓથી માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમમાં કૃષિ વિદ્યાર્થીઓ અને ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડો. બુંબડીયા સહિતના નિષ્ણાતોએ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓની મુંઝવણો દૂર કરી હતી.

---

## હવામાન :

કચ્છમાં છેલ્લા થોડા દિવસોથી ઠંડી-ગરમીના વિષમ વાતાવરણ વચ્ચે તાપનો પ્રભાવ વધ્યો છે, જેમાં ભુજ સહિત જિલ્લાના મુખ્ય શહેરોમાં મહત્તમ તાપમાન ૩૫ડિગ્રીને પાર પહોંચ્યું હતું. ભુજમાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયો હતો  જ્યારે નલિયામાં 14.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતા રાજ્યના ઠંડા મથકોની યાદીમાં મોખરે રહ્યું હતું . પશ્ચિમી વિક્ષોભની અસરને કારણે જિલ્લામાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત અને તાપી જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

---